For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

### જાહેર પ્રચાર પૂર્ણ થતાંની સાથે સંસ્કારી નગરીમાં ચૂંટણી માહોલ ચરમસીમા પર : હવે ડોર-ટુ-ડોર, ખાટલા મીટીંગોનો દોર શરૂ

# પ્રચાર પુરો, હવે કાઉન્ટ-ડાઉન, શહેરના રાજમાર્ગો પર રેલીઓ

**ઉમેદવારોની** આખરી કોશિશ: પરંપરાગત અને મોડર્ન પ્રચારનો અનોખો સંગમ

(પ્રતિનિધિ) વડોદરા તા.24

વડોદરામાં આગામી રવિવારે યોજાનાર મહાનગરપાલિકાની ચૂંટણીના મતદાન પૂર્વે આજે પ્રચારનો અંતિમ દિવસ હોવાથી વાતાવરણમાં ભારે ગરમાવો જોવા મળ્યો હતો. શહેરના રાજકીય માહોલમાં આજે સવારથી જ ભારે હલચલ રહી હતી, પરંતુ સાંજે 6 વાગતાની સાથે જ ચૂંટણી પ્રચારના જાહેર પડઘમ શાંત થઈ ગયા છે. હવે ઉમેદવારો પાસે મતદારોને રીઝવવા માટે માત્ર ગણતરીના કલાકો બાકી રહ્યા છે, જેમાં તેઓ પરંપરાગત પ્રચારના બદલે વ્યક્તિગત સંપર્ક પર વધુ ભાર મૂકશે.

ચૂંટણી પંચના નિયમો અનુસાર, મતદાનના 48 કલાકો પૂર્વે જાહેર સભાઓ, લાઉડસ્પીકર, મોટી રેલીઓ અને જાહેર પ્રચાર પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આ સાથે જ શહેરના માર્ગો પર ગુંજતા સૂત્રોચ્ચારો હવે શાંત પડ્યા છે. જોકે, ઉમેદવારો અને કાર્યકરોની ફોજ હવે 'ડોર-ટુ-ડોર' એટલે કે ઘરે-ઘરે જઈને મતદારોને મળવા અને પોતાની તરફેણમાં મતદાન કરવા વિનંતી કરવામાં વ્યસ્ત થઈ ગઈ છે. રાત્રિ બેઠકોનો દોર પણ તેજ બન્યો છે, જેમાં ખાસ કરીને યુવા અને તટસ્થ મતદારોને આકર્ષવા માટે છેલ્લી ઘડીની રણનીતિ ઘડવામાં આવી રહી છે.

વર્તમાન સમયમાં પ્રચારનું સ્વરૂપ બદલાયું છે. જાહેર પ્રચાર બંધ થયા પછી પણ વોટ્સએપ ગ્રુપો, ફેસબુક અને ઈન્સ્ટાગ્રામ જેવા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર પ્રચારનો મારો ચાલુ રહેશે. ઉમેદવારો પોતાની કામગીરીના લેખાજોખા અને ભાવિ આયોજનોના વીડિયો તથા મેસેજ દ્વારા મતદારો સુધી પહોંચવાનો પ્રયાસ કરી રહ્યા છે. સ્થાનિક મુદ્દાઓ, વ્યક્તિગત સંબંધો અને પડતર પ્રશ્નોના નિરાકરણના વાયદાઓ સાથે મતદારોને મતદાન મથક સુધી ખેંચી લાવવા



માટેની ખાસ રણનીતિ તૈયાર કરાઈ છે. રવિવારે વડોદરાના મતદારો પાંચ વર્ષના શાસનની ધુરા કોના હાથમાં સોંપવી તેનો મહત્વનો નિર્ણય લેશે. વહીવટી તંત્ર દ્વારા પણ શાંતિપૂર્ણ અને નિષ્પક્ષ મતદાન માટે તમામ તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે. સંવેદનશીલ વિસ્તારોમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. સવારે જ્યારે મતદાન શરૂ થશે, ત્યારે શહેરના નાગરિકોમાં ભારે ઉત્સાહ જોવા મળે તેવી શક્યતા છે.

### વડોદરા જિલ્લામાં ચૂંટણી માટે તમામ તૈયારીઓ પૂર્ણ

## 21.95 લાખથી વધુ મતદારો કાલે પોતાના મતાધિકારનો કરશે ઉપયોગ, 2406 મતદાન મથકો પર પોલીસનો ચુસ્ત બંદોબસ્ત

**કટોકટી** સમયે મદદ માટે જિલ્લા કંટ્રોલ રૂમ 0265-2427592 કાર્યરત

(પ્રતિનિધિ) વડોદરા, તા.24

વડોદરા જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈને તમામ તૈયારીઓ પૂર્ણ થઈ ગઈ છે. રવિવાર, તા. 26 એ વડોદરા મહાનગરપાલિકા, જિલ્લા પંચાયત, 8 તાલુકા પંચાયતો અને 4 નગરપાલિકાઓ માટે મતદાન યોજાશે. જિલ્લામાં કુલ 21,95,738 મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે.

મતદારોમાં 11,16,243 પુરુષ, 10,79,384 સ્ત્રી અને 111 અન્ય મતદારોનો સમાવેશ થાય છે. મતદાન માટે જિલ્લામાં 2406 મતદાન મથકો તૈયાર કરવામાં આવ્યા છે અને તમામ સ્થળોએ સુવિધાઓની ચકાસણી કરવામાં આવી છે.

ચૂંટણી EVM દ્વારા યોજાશે, જેમાં 5442 બેલેટ યુનિટ અને 4290 કંટ્રોલ યુનિટ ફાળવવામાં આવ્યા છે. વધુ ઉમેદવારો ધરાવતા વિસ્તારોમાં વધારાની વ્યવસ્થા પણ રાખવામાં આવી છે. સામગ્રી પરિવહન માટે 18 સેન્ટર અને 574 વાહનો કાર્યરત રહેશે.

ઉમેદવારી પ્રક્રિયા બાદ કુલ 346 બેઠકો માટે 940 ઉમેદવારો મેદાનમાં છે, જ્યારે 46 બેઠકો બિનહરીફ જાહેર થઈ છે. કુલ 1453 ઉમેદવારોમાંથી અમુક ફોર્મ અમાન્ય અને પરત ખેંચાતા અંતિમ યાદી જાહેર થઈ છે.

ચૂંટણીને શાંતિપૂર્ણ બનાવવા માટે 13,234 પોલિંગ સ્ટાફ અને 7,939 પોલીસ જવાનો તૈનાત કરવામાં આવ્યા છે. કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે જરૂરી પગલાં લેવામાં આવ્યા છે અને અસામાજિક તત્વો સામે કાર્યવાહી કરવામાં આવી છે.

### વડોદરા ચૂંટણી પ્રચારમાં ધમકીનો સૂર

## 'કમળ સિવાય કોઈની તરફેણ કરી તો સીધો કરી નાખીશ' ધારાસભ્ય ધર્મેન્દ્રસિંહ વાઘેલા

**વાઘોડિયાના** ધારાસભ્યની ખુલ્લી ચીમકી; કહ્યું- જો કોઈ પેનલ તોડીને જીતશે તો તેને પણ ઘર ભેગો કરી દઈશ, કંઈ પણ થાય મને ફોન કરજો

(પ્રતિનિધિ) વડોદરા તા.24

વડોદરામાં આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનો માહોલ જામ્યો છે, ત્યારે પ્રચાર મેદાનમાં હવે ભાષાની મર્યાદા ઓળંગાઈ રહી હોય તેવું ચિત્ર સામે આવ્યું છે. વાઘોડિયા બેઠકના ધારાસભ્ય ધર્મેન્દ્રસિંહ વાઘેલાએ એક જાહેર ચૂંટણી સભામાં ખુલ્લેઆમ ધમકીભર્યું નિવેદન આપતા રાજકીય વર્તુળોમાં ભારે ચર્ચા જાગી છે.

ચૂંટણી સભાને સંબોધતા ધારાસભ્યએ આક્રમક તેવરમાં મતદારો અને કાર્યકરોને




જણાવ્યું હતું કે, જો કોઈ પણ વ્યક્તિ કમળ (ભાજપ) સિવાય અન્ય કોઈને મત આપવાની વાત કરે અથવા ભાજપ વિરોધી પ્રચાર કરવા માટે આવે, તો તુરંત તેમને ફોન કરીને જાણ કરવી. તેમણે મંચ પરથી લુખ્ખી ધમકી ઉચ્ચારતા કહ્યું હતું કે, ભાજપ સિવાયની કોઈ પણ વાત કરનારને તેઓ 'સીધો કરી નાખશે'. આ નિવેદનને પગલે ચૂંટણીમાં લોકશાહીના મૂલ્યો સામે સવાલો ઉભા થયા છે.

વધુમાં ધારાસભ્ય ધર્મેન્દ્રસિંહ વાઘેલાએ પક્ષની શિસ્ત અને પેનલનો ઉલ્લેખ કરતા જણાવ્યું હતું કે, જો કોઈ ઉમેદવાર પેનલ તોડીને અથવા અપક્ષ રીતે જીતવાનો પ્રયાસ કરશે કે જીતી જશે, તો પણ તેને પક્ષમાં ટકવા દેવામાં નહીં આવે અને તેને 'ઘર ભેગો' કરી દેવામાં આવશે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે આ ચૂંટણીમાં માત્ર 'કમળ, કમળ અને કમળ' જ ચાલવું જોઈએ. જો કોઈ ઉમેદવાર મતદારોને એમ કહે કે એક મત મને આપજો અને બાકીના તમારી મરજી મુજબ આપજો, તો તેવા જીતેલા ઉમેદવારને પણ સત્તા પરથી હટાવી દેવાની ચીમકી તેમણે આપી હતી.

ધારાસભ્યના આ નિવેદનનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતા વડોદરાના રાજકારણમાં ગરમાવો આવી ગયો છે. વિપક્ષો દ્વારા આને સત્તાનો અહંકાર અને મતદારોને ડરાવવાનો પ્રયાસ ગણાવવામાં આવી રહ્યો છે. ચૂંટણી ટાણે જ ધારાસભ્ય દ્વારા અપાયેલી આ ખુલ્લી ધમકીને પગલે ચૂંટણી પંચ કોઈ પગલાં લે છે કે કેમ તે જોવું રહ્યું.

## ચૂંટણી કામગીરીના કારણે RTO કચેરી 27મીએ બંધ રહેશે

(પ્રતિનિધિ) વડોદરા,તા.24

પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીની કચેરી દ્વારા મહાનગર પાલિકા, નગર પાલિકા, પંચાયતની સામાન્ય ચૂંટણી 2026માં ચૂંટણીલક્ષી કામગીરી માટે કચેરીના તમામ સ્ટાફની ફાળવણી કરવામાં આવી છે.

ચૂંટણી કામગીરીના કારણોસર તા. 27 મીએ કચેરીની ડ્રાઈવીંગ લાયસન્સ અને વાહન તેમજ ચલણ સંબંધિત તમામ કામગીરી બંધ રહેશે. વડોદરા શહેર અને જિલ્લાની મોટરીંગ પબ્લીક તથા લાયસન્સીંગ પબ્લીકને આ અંગે ખાસ નોંધ લેવા વિનંતી કરાઈ છે. વધુમાં તા. 27ના રોજની ડ્રાઈવીંગ લાયસન્સ અને વાહન પોસ્ટ ટ્રાન્જેક્શન સંબંધિત તમામ એપોઈન્ટમેન્ટ રીશેડ્યૂલ કરવામાં આવી છે. જેની જાણ સંબંધિત અરજદારોને નોંધાયેલ મોબાઈલ પર એસએમએસથી કરવામાં આવશે. જ્યારે,તા. 28 ના રોજથી કચેરી રાબેતા મુજબ કાર્યરત થશે. પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી, વડોદરા દ્વારા તમામ જાહેર જનતાને આ બાબતની નોંધ લેવા અનુરોધ કરાયો છે.

### પ્રતાપનગરમાં બિહાર પૂર્વાંચલ સમાજના કાર્યક્રમમાં લોકશાહીના પર્વની અનોખી ઉજવણી

## વોર્ડ નં.16માં મતદાન જાગૃતિના નામે ભોજપુરી ગાયકો અને કલાકારોના ઠુમકા

**જનજાગૃતિની** વાતો વચ્ચે સ્ટેજ પર બિહાર જેવો રંગારંગ માહોલ જામ્યો

(પ્રતિનિધિ) વડોદરા તા.24

સામાન્ય રીતે ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય નેતાઓ દેશભરમાં 'ગુજરાત મોડલ'ના ગુણગાન ગાતા થાકતા નથી અને અન્ય રાજ્યોને આ મોડલ અપનાવવા સલાહ આપે છે. પરંતુ સંસ્કારી નગરી વડોદરામાં રવિવારે રાત્રે કંઈક અલગ જ દ્રશ્યો જોવા મળ્યા હતા. શહેરના પ્રતાપનગર વિસ્તારમાં આવેલા સૂર્યનગર ખાતે બિહાર પૂર્વાંચલ સમાજ દ્વારા આયોજિત એક કાર્યક્રમમાં 'ગુજરાત મોડલ'ને બદલે 'બિહાર મોડલ'નું વરવું પ્રદર્શન જોવા મળતા સ્થાનિક રાજકારણમાં ગરમાવો આવ્યો છે.

ગત રોજ સૂર્યનગર ખાતે બિહાર પૂર્વાંચલ સમાજ દ્વારા 'મતદાન જાગૃતિ' માટે એક સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો સત્તાવાર ઉદ્દેશ્ય તો લોકોને લોકશાહીના પર્વમાં સહભાગી થવા અને મતદાન કરવા માટે પ્રેરિત કરવાનો હતો. જોકે, સ્ટેજ પર જે નજારો જોવા મળ્યો તે મતદાન જાગૃતિ ઓછી અને બિહારની ચૂંટણીઓ જેવો રંગારંગ મનોરંજન કાર્યક્રમ વધુ જણાતો હતો. આ કાર્યક્રમમાં બિહાર અને ભોજપુરી સિનેમાના



જાણીતા ગાયકો અને કલાકારોને ખાસ આમંત્રિત કરવામાં આવ્યા હતા.

કાર્યક્રમ દરમિયાન મતદાન જાગૃતિ અંગેની કોઈ ગંભીર ચર્ચા કે જનસંપર્કને બદલે નૃત્યાંગનાઓ દ્વારા સ્ટેજ પર ઠુમકા લગાવીને મનોરંજન પીરસવામાં આવ્યું હતું. ઉત્તર ભારતીય અને બિહારી સમુદાયના મતદારોને આકર્ષવા માટે બિહારની ચૂંટણીઓની શૈલીમાં જ આ કાર્યક્રમનું આયોજન કરાયું હોવાનું સ્પષ્ટ જણાતું હતું. હદ તો ત્યારે થઈ જ્યારે 'મતદાન જાગૃતિ'ના આ મંચ પર અચાનક ભાજપના વોર્ડ નંબર 16ના ઉમેદવારોની એન્ટ્રી થઈ. આયોજકોએ ઉમળકાભેર આ ઉમેદવારોનો પરિચય કરાવ્યો હતો, જેના કારણે આ કાર્યક્રમ ખરેખર જનજાગૃતિ માટે હતો કે ભાજપના ઉમેદવારોના પ્રચાર માટે, તે પ્રશ્ન ઉપસ્થિત થયો છે.

## પાર્ક કરેલા ટેમ્પામાંથી બેટરીઓની ચોરી કરનાર બે ઝડપાયા

(પ્રતિનિધિ) વડોદરા તા.24

વડોદરા શહેરમાં મિલકત સંબંધિત ગુનાઓ અટકાવવા માટે પોલીસ કમિશ્નર નરસિમ્હા કોમાર સહિતના ઉચ્ચ અધિકારીઓ દ્વારા સૂચનાઓ આપવામાં આવી છે. જેને ધ્યાનમાં રાખીને છાણી પોલીસ સ્ટેશનના પીઆઇ આર એલ પ્રજાપતિના માર્ગદર્શન હેઠળ ટીમ દ્વારા વિસ્તારમા કામગીરી હાથ ધરવામાં આવી હતી.

થોડા જ સમયમાં બાતમી મુજબના બે શખ્સ મોપેડ સાથે આવતા નજરે પડતાં પોલીસે તેમને રોકી તપાસ કરતા તેમની પાસેથી ત્રણેય ચોરી થયેલી બેટરી મળી આવી હતી. પોલીસ દ્વારા પકડાયેલા આરોપીઓમાં વિશાલ ધર્મેશ નાયક (રહે. સમા, વડોદરા) અને ફરદિન અફઝલઅહેમદ અંસારી (રહે. છાણી જકાતનાકા, વડોદરા) પાસેથી રૂ. 15 હજારની કિંમતની ત્રણ બેટરી તથા રૂ. 50 હજારનું મોપેડ મળી રૂ. 65 હજારનો મુદ્દામાલ કબ્જે કરી આગળની કાર્યવાહી હાથ ધરાઈ છે.

### સાવલીમાં 12 વાગ્યા સુધી સભાઓ ગજવી હોવાનો આક્ષેપ

## સાવલીના ધારાસભ્ય કેતન ઈનામદાર વિરુદ્ધ આચારસંહિતા ભંગની ફરિયાદ

**કોંગ્રેસ** દ્વારા પુરાવા તરીકે જીપીએસ કેમેરાથી શૂટ કરવામાં આવેલા વીડિયો પણ રજૂ કરાયા

(પ્રતિનિધિ) વડોદરા તા.24

સાવલી મતવિસ્તારમાં ભાજપના ધારાસભ્ય કેતન ઈનામદાર વિવાદમાં સપડાયા છે. સાવલી શહેર કોંગ્રેસ પ્રમુખ દ્વારા કેતન ઈનામદાર પર આદર્શ આચારસંહિતાના ભંગનો ગંભીર આરોપ લગાવવામાં આવ્યો છે. આ મામલે કોંગ્રેસે ચૂંટણી પંચને લેખિત ફરિયાદ કરી કડક કાર્યવાહી કરવાની માંગ કરી છે.

કોંગ્રેસ દ્વારા કરવામાં આવેલા દાવા મુજબ, ભાજપના ઉમેદવાર અને ધારાસભ્ય કેતન ઈનામદારે નિર્ધારિત સમય મર્યાદા બાદ પણ જાહેર સભાઓ યોજીને કાયદાનું ઉલ્લંઘન કર્યું છે. સામાન્ય રીતે ચૂંટણી પ્રચાર માટે રાત્રે




10 વાગ્યા સુધીનો સમય નક્કી કરવામાં આવતો હોય છે, પરંતુ કેતન ઈનામદારે રાત્રે 11:30 થી 12 વાગ્યા સુધી સભાઓ ચાલુ રાખી હોવાનો આક્ષેપ થયો છે.

આ ફરિયાદને મજબૂત બનાવવા માટે કોંગ્રેસ દ્વારા પુરાવા તરીકે જીપીએસ કેમેરાથી શૂટ કરવામાં આવેલા વીડિયો પણ રજૂ કરવામાં આવ્યા છે. આ વીડિયોમાં સમય અને સ્થળ સ્પષ્ટપણે જોઈ શકાય છે. કોંગ્રેસનો આરોપ છે કે એક સ્થળેથી સભા બંધ કરાવ્યા બાદ અન્ય સ્થળે ફરીથી સભા શરૂ કરવામાં આવી હતી, જે આચારસંહિતાના લીરેલીરા ઉડાવવા સમાન છે. વિશેષમાં, જે વીડિયો પુરાવા તરીકે રજૂ કરાયો છે તેમાં ખુદ ધારાસભ્ય કેતન ઈનામદાર પોતાની સ્પીચ દરમિયાન સમયનો ઉલ્લેખ કરતા સાંભળવા મળી રહ્યા છે. વીડિયોમાં તેઓ કહી રહ્યા છે કે, "તમારો ભાઈ અત્યારે 12 વાગ્યા સુધી આ બધે ફરતો ના હોત", જે તેમના દ્વારા મોડી રાત્રે પ્રચાર ચાલુ હોવાની વાતને સમર્થન આપે છે. ચૂંટણી પંચ હવે આ રજૂ કરવામાં આવેલા વીડિયો અને જીપીએસ લોકેશનના આધારે તપાસ કરી શકે છે. જો આ મામલે તથ્ય જણાશે તો ભાજપના ધારાસભ્ય સામે ચૂંટણી લક્ષી નિયમોના ભંગ બદલ કાયદેસરની કાર્યવાહી થઈ શકે છે. સાવલીમાં બનેલી આ ઘટનાને પગલે સ્થાનિક રાજકારણમાં ભારે ચર્ચા જાગી છે અને ભાજપ-કોંગ્રેસ સામસામે આવી ગયા છે.

## વડોદરામાં કાળઝાળ ગરમીનો પ્રકોપ, તાપમાન 41.6 ડિગ્રી નોંધાયું

(પ્રતિનિધિ) વડોદરા,તા.24

સમગ્ર રાજ્યની સાથે વડોદરામાં પણ સૂર્યનારાયણ આકરા પાણીએ જોવા મળી રહ્યા છે. છેલ્લા એક અઠવાડિયાથી મધ્ય ગુજરાત સહિત વડોદરામાં ગરમીના તાપમાનમાં વધારો નોંધાઈ રહ્યો છે, જેના કારણે નાગરિકો અત્યારે કાળઝાળ ગરમીથી ત્રાહીમામ પોકારી ઉઠ્યા છે. આજે વડોદરામાં મહત્તમ તાપમાન 41.6 ડિગ્રી અને લઘુત્તમ તાપમાન 24.2 ડીગ્રી નોંધાયું હતું. સવારે હવામાં ભેજનું પ્રમાણ 50 ટકા અને સાંજે 15 ટકા નોંધાયું હતું. જેના કારણે બપોરના સમયે શહેરના માર્ગો સુમસામ ભાસતા હતા. જાણે આકાશમાંથી અગનગોળા વરસી રહ્યા હોય તેવી સ્થિતિ સર્જાતા લોકો કામ વગર બહાર નીકળવાનું ટાળી રહ્યા છે. હવામાન વિભાગની આગાહી મુજબ હજુ આગામી દિવસોમાં ગરમીનું જોર વધવાની શક્યતા છે. સૌથી ચિંતાજનક બાબત એ છે કે આગામી રવિવારે, જ્યારે મતદાન થવાનું છે, ત્યારે વડોદરામાં તાપમાનનો પારો 44 ડિગ્રી સુધી પહોંચવાની શક્યતા છે. આ આકરી ગરમી અને હીટવેવની સીધી અસર મતદાનની ટકાવારી પર પણ પડી શકે તેવી ભીતિ સેવાઈ રહી છે. વહીવટી તંત્ર દ્વારા વધુમાં વધુ મતદાન થાય તેવા પ્રયાસો કરવામાં આવી રહ્યા છે, પરંતુ પ્રખર ગરમીને કારણે લોકો બપોરના સમયે મતદાન કરવા માટે બહાર નીકળવાનું ટાળે તેવી શક્યતા છે. બીજી તરફ, વધતી જતી ગરમીના કારણે હીટવેવ અને લૂ લાગવાના કેસોમાં પણ ધરખમ વધારો જોવા મળી રહ્યો છે. સરકારી અને ખાનગી હોસ્પિટલોમાં લૂ લાગવાના કારણે દાખલ થતા દર્દીઓની સંખ્યા વધી છે. આરોગ્ય વિભાગ દ્વારા નાગરિકોને બપોરના 2 થી 4 વાગ્યા દરમિયાન ખૂબ જ જરૂરી કામ વગર બહાર ન નીકળવા અને પુષ્કળ પ્રમાણમાં પ્રવાહીનું સેવન કરવા સલાહ આપવામાં આવી છે.

### 'વન ડે વન રોડ' અભિયાન હેઠળ દબાણો દૂર કરી વૃક્ષારોપણ કરાયું

## નીલાંબર સર્કલથી યશ કોમ્પ્લેક્સ સુધીના દબાણો દૂર કરી માર્ગ ચકાચક કરાયો

**કમિશનર** એક્શન મોડમાં: અરુણ મહેશ બાબુની હાજરીમાં 4.5 કિમીના રસ્તા પર સઘન સફાઈ

(પ્રતિનિધિ) વડોદરા તા.24

વડોદરા શહેરને વધુ સ્વચ્છ, સુંદર અને પ્રદૂષણ મુક્ત બનાવવાના ઉદ્દેશ સાથે વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા 'વન ડે વન રોડ' અભિયાન અંતર્ગત આજે વેસ્ટ ઝોનના વોર્ડ નંબર 10 માં વિશેષ સફાઈ ઝુંબેશ હાથ ધરાઈ હતી. મ્યુનિસિપલ કમિશનર અરુણ મહેશ બાબુની સીધી દેખરેખ હેઠળ નીલાંબર સર્કલથી યશ કોમ્પ્લેક્સ સુધીના અંદાજે 4.5 કિલોમીટર લાંબા માર્ગ પર વ્યાપક સફાઈ કામગીરી કરવામાં આવી હતી.



આ ઝુંબેશ દરમિયાન આધુનિક મશીનો દ્વારા ડિવાઈડર્સનું બ્રશિંગ અને ક્લીનિંગ કરવામાં આવ્યું હતું. રસ્તાની બંને બાજુના માર્જિનમાં આવેલા ગેરકાયદે દબાણો દૂર કરાયા હતા તેમજ વૃક્ષોની ટ્રીમિંગ કામગીરી પણ હાથ ધરાઈ હતી. આ અભિયાનમાં મ્યુનિસિપલ સ્ટાફ ઉપરાંત જાગૃત નાગરિકો, સ્થાનિક એનજીઓ અને શાળાઓના ઈકો ક્લબના વિદ્યાર્થીઓ ઉત્સાહપૂર્વક જોડાયા હતા. કમિશનરે આ પ્રસંગે વૃક્ષારોપણ કરીને પર્યાવરણ જાળવણીનો સંદેશ આપ્યો હતો.

કમિશનરના જણાવ્યા મુજબ છેલ્લા અઢી મહિનાથી આ અભિયાન શહેરના વિવિધ વિસ્તારોમાં સતત ચાલી રહ્યું છે. સફાઈ સાથે રોડ લાઈન માર્કિંગ માટે ટાઉન પ્લાનિંગ અને રોડ વિભાગને પણ જોડવામાં આવ્યા છે. ઝાડોના વિકાસમાં અવરોધરૂપ બની રહેલી જૂની ગ્રીલ્સ દૂર કરીને નવી ગ્રીલ્સ મૂકવાની કામગીરી પણ કરવામાં આવી રહી છે.

### વડોદરા મ્યુનિસિપલ કમિશનરનું 'વન ડે વન રોડ' અભિયાન રેલીઓના રેઢિયાળ રગડામાં ધોવાયું

## શહેરમાં 'રાજકીય ગંદકી': તંત્ર રસ્તા ચમકાવે છે અને નેતાઓ કચરો ફેલાવે છે!

**પ્રચાર** પૂરો થતાં જ સડકો પર પત્રિકાઓ અને પ્લાસ્ટિકના ગંજ

(પ્રતિનિધિ) વડોદરા તા.24

એક તરફ વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર દ્વારા શહેરને સ્વચ્છ બનાવવા માટે 'વન ડે વન રોડ' અંતર્ગત સઘન સફાઈ ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે, ત્યારે બીજી તરફ ચૂંટણીના માહોલમાં રાજકીય પક્ષો આ અભિયાન પર પાણી ફેરવી રહ્યા હોય તેવા દ્રશ્યો સામે આવ્યા છે. વડોદરાની સડકો પર નીકળતી વિવિધ પક્ષોની પ્રચાર રેલીઓમાં સ્વચ્છતાના નિયમોને જાણે નેવે મૂકી દેવામાં આવ્યા છે.

શહેરમાં હાલ ચૂંટણી પ્રચાર પૂરજોશમાં ચાલી રહ્યો છે. ઉમેદવારો પોતાના સમર્થકો સાથે ફૂલહાર, પત્રિકાઓ અને નાસ્તાના પેકેટો સાથે શેરીએ-શેરીએ ફરી રહ્યા છે. જોકે, આ પ્રચાર પૂરો થયા બાદ જે તે વિસ્તારની જે હાલત થાય છે તે ચિંતાનો વિષય બની છે. રેલી પૂરી થયા પછી રસ્તાઓ પર ઠેર-ઠેર પક્ષોના ઝંડા, પ્રચાર માટેની પત્રિકાઓ, કાર્યકરો દ્વારા ફેંકવામાં આવેલા પ્લાસ્ટિકના ગ્લાસ અને ખાલી પડીકાઓનો ખડકલો જોવા મળે છે.

આશ્ચર્યની વાત એ છે કે મ્યુનિસિપલ કમિશનરે શહેરના મુખ્ય માર્ગોને સુઘડ બનાવવા માટે વિશેષ આયોજન કર્યું છે. તંત્ર દ્વારા દરરોજ લાખોના ખર્ચે સફાઈ કામદારો અને મશીનરી લગાડીને રસ્તાઓ ચમકાવવામાં આવે છે, પરંતુ રાજકીય પક્ષોની માત્ર એક જ રેલી આ મહેનત પર ગંદકીના ગંજ ખડકી દે છે. સ્થાનિક રહીશોમાં પણ આ બાબતે ભારે રોષ જોવા મળી રહ્યો છે. નાગરિકોનું કહેવું છે કે જે



પક્ષો શહેરના વિકાસ અને સુવિધાના વાયદા કરે છે, તે જ પક્ષો પ્રચાર દરમિયાન શહેરની સુંદરતાને બગાડી રહ્યા છે.

સ્વચ્છતાના આ ભંગ બદલ અત્યાર સુધી કોઈ નક્કર દંડની કાર્યવાહી ન થતા રાજકીય કાર્યકરો બેફામ બન્યા છે. વહીવટી તંત્ર એક બાજુ સામાન્ય નાગરિકો પાસેથી ગંદકી કરવા બદલ દંડ વસૂલે છે, ત્યારે બીજી તરફ રાજકીય રેલીઓ દ્વારા ફેલાવવામાં આવતી ગંદકી સામે કેમ આંખ આડા કાન કરવામાં આવે છે તેવો સવાલ પ્રજા પૂછી રહી છે. જો આગામી દિવસોમાં આ જ પરિસ્થિતિ રહી તો તંત્રના સ્વચ્છતા અભિયાનો માત્ર કાગળ પર જ રહી જશે અને શહેરની સડકો રાજકીય કચરાથી ખદબદતી રહેશે.

### 60 દિવસમાં વિઝા આપવાના વાયદા આપી વધુ રૂપિયા પડાવ્યા

## રશિયાના વર્ક વિઝાના નામે ગોત્રીના વેપારી સાથે રૂ. 1.50 લાખની ઠગાઈ

**ઠગે** આપેલો ચેક પણ બાઉન્સ થયો

**વેપારીએ** તપાસ કરવા ગયા ત્યારે ઠગ એજન્ટ ઓફિસનેતાળું મારી રફુચક્કર

(પ્રતિનિધિ) વડોદરા તા.24

વડોદરાના ગોત્રી વિસ્તારમાં રહેતા યુવાન સાથે રશિયાના વર્ક વિઝા અપાવવાના નામે રૂ. 1.50 લાખની ઠગાઈ એજન્ટ દ્વારા કરાઈ છે. વિઝા પ્રોસેસના બહાને તબક્કાવાર રૂપિયા પડાવ્યા બાદ ઠગ એજન્ટ ઓફિસ બંધ કરી રફુચક્કર થઈ ગયો છે.

વડોદરા શહેરના ગોત્રી વિસ્તારમાં રહેતા નિરંજન કિશોરભાઈ ચૌહાણ (ઉ.વ. 34) એ ફરિયાદ નોંધાવી છે કે તેઓ ચાની લારી ચલાવે છે. ગત 23 ડિસેમ્બરના રોજ તેઓ પોતાના મિત્ર મિરાંગ પરમાર સાથે સયાજીગંજ સ્થિત ફૉનીક્સ કોમ્પલેક્ષમાં આવેલી "વિ વર્લ્ડ વિઝા" ઓફિસે રશિયાના વર્ક વિઝા અંગે માહિતી લેવા ગયા હતા. ત્યાં વિરલ દિનેશ શાહે તેમને 60 દિવસમાં વર્ક વિઝા મળી જશે તેવી ખાતરી આપી અને રૂ.4 લાખ ખર્ચ થશે તેમ જણાવ્યુ હતુ.

એજન્ટે શરૂઆતમાં વિશ્વાસમાં લઈ નિરંજનભાઈ પાસેથી રૂ.1 લાખ ઓનલાઈન ટ્રાન્સફર કરાવ્યા અને પાસપોર્ટ સહિતના દસ્તાવેજો પણ લઈ લીધા હતા. ત્યારબાદ ઓફર લેટરના બહાને વધુ રૂ.50 હજાર તેમની પાસેથી વસૂલ્યા હતા. જોકે ચાર મહિના વીતી ગયા છતાં વિઝા ન મળતા નિરંજનભાઈએ ફરી સંપર્ક કર્યો હતો.

આ સમયે વિરલ શાહે તેમને રૂ.1.50 લાખનો ચેક આપી એક મહિનામાં કામ ન થાય ત્યારે ચેક ક્લિયર કરવાની વાત કરી હતી. પરંતુ સમય પૂર્ણ થયા બાદ ચેક બેંકમાં જમા કરાવતા બાઉન્સ થયો હતો. ત્યારબાદ આરોપીનો સંપર્ક કરવા ઓફિસ ગયા પણ એજન્ટ બંધ હોવાનુ માલૂમ પડ્યું હતું. આ રીતે આરોપી વિરલ દિનેશ શાહે રૂ.1.50 લાખ પડાવી લીધા હોવા છતા વિઝા બનાવી આપ્યા ન હતા તથા રૂપિયા પણ પરત આપતો ન હતો. જેથી પોલીસે આરોપી એજન્ટ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.